




અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂ.૨-૦૦
તા.૨૨-૨-૨૦૨૪ ગુરૂવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી


તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ મહા સુદ ૧૩ વર્ષ : ૨૮ અંક ૧૬૩

सत्यमेव जयते

विकसित ભારત
વિકસિત ગુજરાત



માનનીય વડાપ્રધાન
## શ્રી નરેન્દ્રભાઈ મોદીના
વરદ્દહસ્તે

### વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા

## કુલ ₹ ૪૪ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનો
### લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ



### લોકાર્પણ અને ખાતમુહૂર્તનાં કામોની યાદી

- ₹ ૨૨,૫૦૦ કરોડથી વધુનાં ખર્ચે કાકરાપાર એટોમિક પાવર પ્રોજેક્ટના 3 અને ૪ યુનિટ થકી પેદા થશે સ્વચ્છ ઊર્જા
- નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ₹ ૧૦,૦૦૦ કરોડથી વધુનાં કાર્યો કરશે રાષ્ટ્રીય પ્રવાસન ક્ષેત્રે મજબૂતીકરણ
- માર્ગ અને મકાન વિભાગના ₹ ૨,૦૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી નાગરિકોની પરિવહનની સરળતામાં વધારો
- ભારતીય રેલવેના ₹ ૧,૧૦૦ કરોડથી વધુનાં કાર્યો આપશે આંતરરાજ્ય મુસાફરીને વેગ
- સુરત મહાનગર પાલિકા, SUDA અને ડ્રીમ સિટીના ₹ ૫,૦૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી ઈઝ ઓફ લીવિંગને મળશે વેગ
- ₹ ૬૦૦ કરોડથી વધુનાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં વિકાસકાર્યો પ્રદૂષણ નિયંત્રણમાં આપશે યોગદાન
- જળ સંપત્તિ વિભાગના ₹ 300 કરોડથી વધુનાં વિકાસકાર્યો થકી દૂર તથા વંચિત પ્રદેશોને પાણીનું કનેક્શન મેળવવામાં મળશે લાભ
- વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ₹ ૧૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી આવનારી પેઢીનું વિજ્ઞાન ક્ષેત્રે ઉજ્જવળ ભવિષ્ય
- પાણી પુરવઠા વિભાગના ₹ ૫૦૦ કરોડથી વધુનાં કાર્યો થકી નાગરિકોની રોજીંદી જીવનશૈલીમાં આવશે સરળતા
- આદિજાતિ વિકાસ વિભાગના ₹ ૧૦૦ કરોડથી વધુનાં કાર્યો બનશે આદિજાતિ ભાઈ-બહેનો માટે પ્રગતિનું સરનામું
- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ₹ ૭૫ કરોડથી વધુનાં કાર્યો દ્વારા કૌશલ્યવર્ધન વિકાસને મળશે બળ
- ગૃહ વિભાગનાં ₹ ૨૦૦ કરોડથી વધુના કાર્યો કરશે વ્યવસ્થાપનનું વિસ્તૃતિકરણ
- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ₹ ૯૦૦ કરોડથી વધુના કાર્યો શહેરીજનો માટે બનશે પ્રગતિશીલ લાઈફસ્ટાઈલનું સીમા ચિહ્ન
- પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના ₹ ૪૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્ય દ્વારા ભૂમિ પ્રદૂષણ અને જળ પ્રદૂષણના જોખમ પર નિયંત્રણ
- **PM MITRA** (મેગા ટેક્સટાઈલ પાર્ક) ની કામગીરીનો પ્રારંભ

**ગરિમામયી ઉપસ્થિતિ**

### શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**અતિથિ વિશેષ**

### શ્રી સી. આર. પાટીલ
માનનીય સંસદસભ્ય (લોકસભા) નવસારી, ગુજરાત

**વિશેષ ઉપસ્થિતિ**

**શ્રીમતી દર્શનાબેન જરદોશ**
માનનીય કેન્દ્રીય રા. ક. મંત્રી,
રેલવે અને કાપડ ઉદ્યોગ

**શ્રી કનુભાઈ દેસાઈ**
માનનીય મંત્રી, નાણાં,
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, ગુજરાત

**શ્રી બલવંતસિંહ રાજપુત**
માનનીય મંત્રી, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ,
કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, ગુજરાત

**ડૉ. કુબેરભાઈ ડીંડોર**
માનનીય મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક,
માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ગુજરાત

**શ્રી હર્ષભાઈ સંઘવી**
માનનીય મંત્રી (રા.ક.) ગૃહ અને ઉદ્યોગ, ગુજરાત

**શ્રી મુકેશભાઈ પટેલ**
માનનીય મંત્રી (રા.ક.), વન અને પર્યાવરણ,
ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા, ગુજરાત

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**
માનનીય મંત્રી (રા.ક.), આદિજાતિ વિકાસ,
શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત

કાર્યક્રમનું જીવંત પ્રસારણ : DD NEWS ડી ડી ન્યુઝ | CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat | **તારીખ:** ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ | **સમય:** સાંજે ૪:૦૦ વાગે | **સ્થળ:** પીએમ મિત્ર ટેક્સટાઈલ પાર્ક, વાંસી-બોરસી ગામ, નવસારી

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્યશ્રી કૌશિક વેકરીયાના પ્રયાસોથી

# અમરેલીમાં ૫૦ કરોડના ખર્ચે રિવરફ્રન્ટ મંજુર

### રૂપિયા ૫૦ કરોડના ખર્ચે ઠેબી નદી પર રિવરફ્ન્ટના કામને તંત્ર દ્વારા મંજુરી અપાઇ



### શહેરની મધ્યમમાંથી પસાર થતી ઠેબી નદી પર રિવરફ્રન્ટ બનાવી અમરેલીની શોભા વધારાશે

અમરેલી,

અમરેલી શહેર અને જિલ્લાના વિકાસના વિવિધ કામોના સમાચાર હવે દિન પ્રતિદિન મળતા થયા છે. અમરેલીને યુવાન ધારાસભ્ય કૌશિક વેકરિયા જેવું સબળ નેતૃત્વ મળતા અમરેલી જિલ્લાના વિકાસને નવો જ વેગ મળ્યો છે. અમરેલી શહેરની મધ્યમાંથી પસાર થતી ઠેબી નદી પર રિવરફ્રન્ટ બનાવી અમરેલી નગરની શોભા વધારવા તથા નગરજનોને વધું સારી ભૌતિક સુવિધાઓ મળે અને અમરેલી શહેરના બ્યુટીફિકેશનમાં વધારો થાય એ માટેનો પ્રયાસો અને રજૂઆત રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ધારાસભ્ય કૌશિક વેકરિયા દ્વારા કરવામાંઆવેલ. જે રજૂઆતને સ્વીકારીને મુખ્યમંત્રીશ્રીએ રૂપિયા ૫૦ કરોડ જેવી માતબર રકમના ખર્ચે ઠેબી નદી

### સરકારે રિવરફ્રન્ટ માટે મંજુરી આપતા ટુંક સમયમાં જ રિવરફ્રન્ટ કામગીરીનો પ્રારંભ

રીવરફ્રન્ટને વિકસાવવાના કામને મંજૂરી આપી છે. આ કામ મંજૂર થતા ટૂંક સમયમાં જ આ કામનો શુભારંભ કરવામાં આવશે અને કુલ ત્રણ ફેઈઝમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે. ફેઈઝ ૧ માં આર. સી. સી. રિટેઈનિંગ વોલનું કામ રૂપિયા ૨૮ કરોડથી વધુ રકમના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે. ફેઈજ ૨ માં રીવર એસ્કેવેશન અને ફિલિંગનું કામ ૯ કરોડ ૬૧ લાખના ખર્ચે થશે. ત્રીજા ફેઈઝમાં સી. સી. રોડ, પેવર બ્લોક પથ વે, ગાર્ડન, સ્ટ્રીટલાઈટ, ટોઈલેટ બ્લોક, ચિલ્ડ્રન પ્લેઈંગ ઈકવિપમેન્ટ, ફાઉનટેન, વોટર રૂમ ગેટ, હાઈમાસ્ક ટાવર જેવી અનેક સુવિધાઓ

### પ્રથમ ફેઝમાં આરસીસી વોલ, બીજા ફેઝમાં રિવર એસકેલેશન અને ફિલીંગનું કામ થશે

રૂપિયા ૧૦ કરોડ ૮૮ લાખ કરતાં વધુ રકમના ખર્ચે નિર્માણ પામનાર છે. આમ અમરેલી શહેરને કુલ રૂપિયા ૫૦ કરોડના ખર્ચે ઠેબી રિવર ફ્રન્ટ યોજનાનો લાભ મળનાર છે. જે માટે અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયાએ અમરેલીની પ્રજાવતી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અપાયેલ આ ભેટ માટે મુખ્યમંત્રીશ્રીનો હાર્દિક આભાર માનેલ છે.

અમરેલીના રાજુલા, સાવરકુંડલા, લીલીયા મોટા અને દામનગર ખાતેથી

## ૧૩૪૪ રામભક્તોની ટ્રેનને લીલીઝંડી આપતા શ્રી વેકરીયા, શ્રી કાછડીયા



### શ્રી આર.સી.મક્વાણા, શ્રી ભરતભાઈ સુતરીયા અને જીલ્લા મહામંત્રીઓની વિશેષ ઉપસ્થિતિ

અમરેલી, અમરેલી લોક્સભા વિસ્તાર માંથી અયોધ્યા ધામ ખાતે પ્રભુશ્રી રામજીના દર્શને જઈ રહેલા શ્રધ્ધાળુઓની આસ્થા સ્પેશ્યલ ટ્રેનને નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા અને અમરેલીના સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા સહિતના પદાધિકારીઓએ લીલીઝંડી આપી ટ્રેનનું પ્રસ્થાન કરાવ્યુ હતું તેમજ સૌ રામભક્તોને ઉત્સાહ વધાર્યો હતો. આ તકે સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએ જણાવેલ હતું કે, ગત તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ અયોધ્યા ધામ ખાતે પ્રભુશ્રી રામજીની પધરામણી અને પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહયો છે ત્યારે ભારત સરકાર ારા પણ દરેક લોક્સભા વિસ્તાર માંથી અયોધ્યા ખાતે રામ ભગવાનના દર્શન કરવા ઈચ્છતા રામભક્તો માટે સ્પેશ્યલ આસ્થા ટ્રેના રાદર્શન કરાવવાનું આયોજન કરેલ છે ત્યારે આજ તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ અમરેલી લોકસભા વિસ્તાર માંથી ૧૩૪૪ શ્રધ્ધાળુઓની આસ્થા ટ્રેનનું રાજુલા જંકશન, સાવરકુંડલા, લીલીયા મોટા અને દામનગર ખાતેથી લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું છે. જે બદલ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્ભાઈ મોદી સાહેબ, કેન્સરકાર, રેલવિભાગ અને આ શુભ કાર્ય માટે મહેનત કરેલ સંગઠનની પાંખનો સહદય આભાર વ્યક્ત કરૂ છું. આ પ્રસંગે ભાવનગર જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી આર.સી.મક્વાણા, અમરેલી જીલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરીયા, અમરેલી જીલ્લા ભાજપ મહામંત્રીઓ શ્રી પીઠાભાઈ નકુમ અને શ્રી મેહુલભાઈ ધોરાજીયા સહિતના જીલ્લા અને મંડલના હોદેદારો, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલીકાના સદસ્યશ્રીઓ, સંતો/મહંતો, ડીઆરએમ શ્રી રવિશકુમાર અને રેલ્વેના જવાબદાર અધિકારીઓ અને બહોળી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહયા હતા.

પરિક્ષા હોય કે જીંદગી વિજેતા બનીને જીવીએ

## અમરેલીમાં શ્રી જય વસાવડા દ્વારા બોર્ડનાં ધોરણ ૧૦-૧૨નાં પરીક્ષાર્થીઓને માર્ગદર્શન અપાશે

### અમરેલી નાગરીક બેંક, માર્કેટયાર્ડનાં સંયુક્ત ઉપક્રમે આયોજન



અમરેલી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક બોર્ડ દ્વારા યોજનાર ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનાં હેતુથી અમરેલી નાગરીક બેંક, એપીએમસીનાં સંયુક્ત ઉપક્રમે શિતલ આઈસ્ક્રિમ અને બાલમુકુંદ જ્વેલર્સનાં સહયોગથી વિખ્યાત કોલમીષ્ટ જય વસાવડાનાં મોટીવેશન સેમિનાર તા. ૨૬નાં રોજ અમરેલી જુના માર્કેટયાર્ડ ખાતે હોટલ એન્જલ લોર્ડ્સ ખાતે પરીક્ષા હોય કે જીંદગી વિજેતા બનીને જીવીએ વિષય ઉપર પ્રવચન યોજાશે. આ કાર્યક્રમનું ઉદઘાટન શ્રી પીપી સોજીત્રાનાં વરદ હસ્તે કરાશે અને કાર્યક્રમનો પ્રારંભ તા. ૨૬ સાંજે ૪ કલાકે થશે. કાર્યક્રમનાં નિઃશુલ્ક પાસ અમરેલી નાગરીક બેંક ખાતેથી વહેલા તે પહેલાનાં ધોરણે મેળવી લેવા અને વધુ માહિતી માટે ધ્યેય પંડ્યા મો.નં. ૮૨૦૦૧ ૪૧૯૧૫નો સંપર્ક કરવા જણાવાયું છે.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા
આ છે અહીંની વિશેષતાઓ...
● વિટ્રીફાઇ ટાઇલ્સ ● સ્ટાન્ડર્ડ ક્વોલીટીમાં બાથરૂમ ફીટીંગ
● સ્ટાન્ડર્ડ બારી દરવાજા ● મેઇન ગેટે સિક્યુરીટી
● ગ્રેનાઇટ પ્લેટફોર્મ ● ૨૪ કલાક જનરેટરની સુવિધા
● આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
● સ્ટીલ ગ્રેલીંગ ● આર.સી.સી. રોડ
● સીસીટીવી કેમેરાથી સુસજ્જ
અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ કલીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

ડો. મિથિલ આર.પટેલ સ્ત્રી રોગના નિષ્ણાંત (MD D.G.O.)
સ્ત્રીરોગ અને પ્રસુતિની શ્રેષ્ઠ સારવાર માટે કલરવ હોસ્પિટલમાં સારવાર શા માટે ?
ફ્રી ડિલીવરી સિઝીરિયન ઓપરેશન
◦ સ્ત્રીરોગની શ્રેષ્ઠ સારવાર
◦ નોર્મલ ડિલિવરીને પ્રાથમિકતા
◦ નિ:સંતાન દંપતીની સારવાર દ્વારા પ્રેગ્નન્સી
◦ ક્રિટિકલ અને સિઝેરિયન ડિલિવરીની સારવાર ગર્ભાશય અને અંડાશયના
◦ રોગ માટે લેપ્રોસ્કોપી સર્જરી દ્વારા સારવાર.
કલરવ હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી. ● ફોન નં. (02792) 221322

LG BEST SHOP Life's Good.
EXCLUSIVE Offers
DIRECT COOL Refrigerator
3 YEAR WARRANTY
Upto 10% CASHBACK
T&C Apply
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો.9974772377

તદ્દન મફત વિના મુલ્યે
આયુર્વેદ વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબીરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર દ્વારા આપના બાળકોને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સુવર્ણ ભેટ
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
● યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો.
● આયુર્વેદીક રસીકરણ.
● ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો.
● પાચનશકિતમાં વધારો.
● રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગ ઓછા થવા.
● મગજતેજ અને બાળક ઉત્સાહી બને..
તા.૨૧/૨૨-૨-૨૪ બુધ/ગુરુ માત્ર બે દિવસ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૫ થી ૮ સુધી
વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો..
કેમ્પનું સ્થળ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬ / ૨૨૮૯૦૪

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ અમે સસ્તી નહીં શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

મોકાનું મકાન વેચવાનું છે
ચક્કરગઢ રોડ, રામવાડી-૪, લેઉવા પટેલ શૈક્ષણિક સંકુલ નજીકમાં દોઢ વસા જમીનમાં કોર્નરનું, બંને બાજુ ૨૦ ફુટ પેવર રોડ પાણીના દારની સુવિધા, ફુલ ફર્નિશવાળુ મકાન માલીકને બહાર જવાનું હોવાથી તાત્કાલીક વેચવાનું છે
સંપર્ક સમય : રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦
સંપર્ક : મો.૯૪૨૯૨ ૨૨૦૧૮

સૌરાષ્ટ્ર એસંસ સ્ટોર્સનું ઉત્પાદન
ઘઉંના પાપડ ચોખાના પાપડ
જીરૂ - મસાલાવાળા મળશે
સૌરાષ્ટ્ર એસંસ સ્ટોર્સ
ટાવર પાસે, અમરેલી મો.૯૮૭૯૨ ૩૪૩૩૨

MUTUAL FUND SIP
ટીપે ટીપે સરોવર, કાંકરે કાંકરે પાળ.. SIP એ SIP એ ધનનાં ઢગલે ઢગલા..
આજે જ... અત્યારે જ શરૂ કરો
સંપર્ક : દ્વારકાદાસ લલાડીયા
નોલેજ આધારિત ઉમદા સર્વિસ
સમૃધ્ધિ સેતુ ઇન્વેસ્ટમેન્ટ-ઇન્સ્યુરન્સ સર્વિસ
ઓફીસ - ૧૭, બીજે માળે, સીટી મોલ, રાજકમલ ચોક, અમરેલી
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૦૪૦ મો.૯૩૨૮૬ ૧૨૦૦૦ / ૯૯૨૫૬ ૨૮૨૭૪

ૐ એસ્ટેટ બ્રોકર
પેટ્રોલ પંપ લે - વેચ માટે મળો
દરેક કંપનીના પંપ વેચાવ છે
મકાન વેચાવ છે : ચક્કરગઢ રોડ, રામવાડીમાં મકાન ગંગાનગર - અમૃતનગર - આનંદનગર શેરી નં.૩ થી ૯ નંબર મકાન વેચાવ છે. ક્રિષ્ના પાર્કમાં, પનીહારી વિહારમાં, શિક્ષક સોસાયટીમાં જુનુ મકાન અમૃતધારામાં, એન્જલ ૪ માં નવા મકાન
મો.૯૪૨૭૨ ૩૦૫૬૫, ૬૩૫૪૫ ૮૩૧૦૦

ૐ એસ્ટેટ બ્રોકર
પેટ્રોલ પંપ લે - વેચ માટે મળો
દરેક કંપનીના પંપ વેચાવ છે
મકાન વેચાવ છે : માણેકપરામાં - લીલીયા રોડ મણીબા પાર્કમાં મકાન. સુખનાથપરામાં - કેરીયા રોડ - હનુમાનપરામાં - લાઠી રોડ બ્રાહ્મણ સોસાયટીમાં, ચિતલ રોડે અમરેલી સીટીમાં કોઇપણ જગ્યાએ મકાન લે - વેચ માટે મળો. આજુબાજુમાં રોડ ટચ જમીન લે - વેચ માટે મળો
મો.૯૪૨૭૨ ૩૦૫૬૫, ૬૩૫૪૫ ૮૩૧૦૦

જય રામદેવ ટ્રાવેલ્સ
ખાંભા, ધારી, તાતણીયા, નેસડી, અમરેલી NON AC
વિસાવદર, ધારી, અમરેલી NON AC
વાયા : આણંદ, વડોદરા સીટી, શાણી જકાતનાકા, કાલાઘોડા, લાલબાગ, ફતેગઢ, જાંબવાબ્રીજ, ભરૂચ, અંકલેશ્વર, સુરત
ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી.ડેપો સામે, અમરેલી
મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૪૨૮૩ ૪૧૪૩૨, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૭૨૭૪ ૯૭૭૨૫, ૯૪૨૬૨ ૬૪૬૩૮ : Online booking : www.jayramdevtravels.com

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧


મકાન વેચવાનું છે
અમરેલીમાં લીલીયા રોડ, શ્યામનગર-૧ માં 4BHK સંપુર્ણ સગવડતા સાથેનું ૧ વસો જગ્યા ધરાવતુ પાણીના દાર સહિતનું મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૭૯૮૪૮ ૭૪૦૫૭

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

સ્વાદના શોખીનો માટે ખુશખબર...
સત્ અમર
રાજસ્થાની સ્પે.દાલબાટી
માત્ર રૂા.૧૩૦/- માં અનલીમીટેડ
મો.૯૭૧૨૧ ૭૦૬૪૮, ૯૯૭૯૩ ૯૭૩૦૨, ૯૯૨૫૧ ૭૪૨૨૯
બ્રાન્ચ : ભેસાણ - જુનાગઢ
સ્થળ : લાઠી રોડ, લાલાવાવ હનુમાન મંદિરની આગળ, સોનાલીકા ટ્રેકટરના શો-રૂમની સામે, અમરેલી

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર





વિકસિત ભારત
વિકસિત ગુજરાત

માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્‌હસ્તે

## વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા

## ભારત સરકાર અને ગુજરાત સરકારના કુલ ₹૧૩,૦૦૦ કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનાં

# લોકાર્પણ અને ખાતમુહૂર્ત



| | | |
|---|---|---|
| વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ₹૨૫૦૦ કરોડથી વધુના ૪ પ્રકલ્પો | રેલવે મંત્રાલયના ₹૨૩૦૦ કરોડથી વધુના ૫ પ્રકલ્પો | પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના ₹૨૧૦૦ કરોડથી વધુના ૨ પ્રકલ્પો |
| માર્ગ અને મકાન વિભાગના ₹૧૭૦૦ કરોડથી વધુના ૨૧ પ્રકલ્પો | સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, ભારત સરકાર તથા માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકારના ₹૧૬૦૦ કરોડથી વધુના ૨ પ્રકલ્પો | વિવિધ વિભાગોના ₹૨૮૦૦ કરોડથી વધુના ૨૩ પ્રકલ્પો |

**ભારતીય વાયુસેનાનું ડીસા ખાતે નિર્માણ પામનાર વાયુ મથક દેશના સંરક્ષણ અને આર્થિક સમૃદ્ધિને સક્ષમ બનાવશે. વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા માર્ગો, પુલ, રેલવે લાઈન, મકાનો, વિજ્ઞાન અને પ્રોદ્યોગિક સંસ્થાનો તેમજ પ્રવાસન અંતર્ગત વિવિધ પ્રકલ્પોના નિર્માણથી દેશની સમૃદ્ધિમાં અને નાગરિકોની સુવિધામાં વધારો થશે.**

ગરિમામયી ઉપસ્થિતિ

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

:: વિશેષ ઉપસ્થિતિ ::

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય સંસદસભ્ય (લોકસભા), નવસારી, ગુજરાત

**શ્રી ઋષિકેશ પટેલ**
માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

**શ્રી બલવંતસિંહ રાજપુત**
માનનીય મંત્રી, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, ગુજરાત

**શ્રી કુંવરજીભાઈ બાવળીયા**
માનનીય મંત્રી, જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો, ગુજરાત

**શ્રીમતી ભાનુબેન બાબરીયા**
માનનીય મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત

**શ્રી ભીખુસિંહજી પરમાર**
માનનીય રા. ક. મંત્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારિતા, ગુજરાત

DD NEWS Live Telecast on DD NEWS

**તારીખ : ૨૨-૦૨-૨૦૨૪, ગુરુવાર । સમય : ૧૧-૦૦ વાગે । સ્થળ : વાળીનાથ મહાદેવ મંદિર, ઊંઝા વિસનગર રોડ, મુ. તરભ, તા. વિસનગર, જિ. મહેસાણા.**

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
# અવધ ટાઇમ્સ
તા.૨૨-૨-૨૦૨૪ ગુરૂવાર

# નેશનલ કોન્ફરન્સના નેતાઓ ફારૂક અબ્દુલ્લા ને ઉમર બન્ને કાશ્મીરની પ્રજાને બેવકૂફ બનાવે છે

જમ્મુ અને કાશ્મીરમાં લોકસભાની ચૂંટણીની સાથે જ વિધાનસભાની ચૂંટણી યોજાવાની વાતો ચાલી રહી છે. સાથે સાથે ભાજપ અબ્દુલ્લા પરિવારની બાપીકી પેઢી જેવી નેશનલ કોન્ફરન્સ સાથે જોડાણ કરશે એવી વાતો પણ ચાલી રહી છે. આ વાતો વચ્ચે અચાનક જ કોંગ્રેસના ભૂતપૂર્વ નેતા અને ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટીના પ્રમુખ ગુલામ નબી આઝાદે એક ટીવી ચેનલને આપેલાં ઈન્ટરવ્યૂમાં અબ્દુલ્લા પરિવાર પર શાબ્દિક હુમલો કરી નાંખ્યો.

આઝાદનો દાવો છે કે, કહ્યું કે નેશનલ કોન્ફરન્સના ઉમર અબ્દુલ્લા અને ફારુક અબ્દુલ્લા બંનેને જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ હટાવવામાં આવશે તેની પહેલાંથી જ ખબર હતી. ઉમર અને ફારુકે કલમ ૩૭૦ હટાવાઈ એ પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ સાથે સીક્રેટ મીટિંગ કરી હતી. તેમણે જ સરકારને સલાહ આપી હતી કે, અમને નજરકેદ કરવામાં આવે કે જેથી તેમણે કલમ ૩૭૦ હટાવવા અંગે પ્રજાને કોઈ જવાબ આપવા પડે નહીં.

આઝાદે અબ્દુલ્લા પરિવારના આ બંને નેતાના ચાવવાના અને બતાવવાના જુદા જુદા હોવાનો દાવો કરીને કહ્યું કે, આ બંને નેતા શ્રીનગરમાં કઈંક અલગ વાત કરે છે અને દિલ્હીમાં અલગ દાવા કરે છે. બંને જ ખૂબ જ ચાલાકીથી પોલિટિકલ ગેઈમ રમે છે અને લોકોને બેવકૂફ બનાવે છે. આ લોકો કાશ્મીરમાં કટ્ટરવાદી મુસ્લિમોને પંપાળે છે અને હિંદુઓને બેવકૂફ બનાવવા માટે મંદિરોમાં જવાનું નાટક પણ કરે છે.

આઝાદના દાવાઓ સામે ઉમર અબ્દુલ્લાએ પણ એ જ ભાષામાં જવાબ આપીને કહ્યું છે કે, કલમ ૩૭૦ હટાવ્યા પછી મારા પિતાને સરકારી બંગલામાંથી બહાર ફેંકી દેવામાં આવ્યા હતા જ્યારે ગુલામ નબી આઝાદ એકમાત્ર એવા નેતા હતા જેમને બંગલો ખાલી નહોતો કરાવાયો. અમે તો બંને આઠ મહિનાથી નજરકેદ હતા જ્યારે તમે એકમાત્ર એવા જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હતા કે જેમને કલમ ૩૭૦ નાબૂદ કરાયા પછી પણ નજરકેદ નહતા કરાયા.

ઉમરે તો ત્યા લગી કહ્યું છે કે, આ જ ગુલામ નબી આઝાદ ૨૦૧૫ સુધી અમને રાજ્યસભાની બેઠકો માટે આજીજી કરતા હતા. ગુલામ નબી આઝાદને રાજ્યસભાની બેઠક આપવા કોઈ રાજ્ય તૈયાર નહોતું ત્યારે મેં જ તેમને રાજ્યસભાની બેઠક અપાવી હતી પણ આજે તેઓ અમારી વિરુદ્ધ બોલીને અમારી ઈમેજ ખરાબ કરવા માગે છે. રાજ્યસભામાં મોદી તમારા માટે આંસુ વહાવે છે અને અમારી ટીકા કરે છે. પદ્મ અવોર્ડ માટે તમે કોંગ્રેસ છોડવાનો નિર્ણય કર્યો હતો અને હવે અમને ભાજપના ચમચા ગણાવો છો. ઉમરે કટાક્ષ પણ કર્યો છે કે, આઝાદ કોણ છે અને ગુલામ કોણ છે એ તો સમય જણાવશે અને લોકો નક્કી કરશે પણ ગુલામ નબી આઝાદે મોદી અને શાહના ઘરે બેઠેલા તેમના એજન્ટોનાં નામ જાહેર કરવાં જોઈએ.

ઉમર અને આઝાદ વચ્ચે જે આક્ષેપબાજી થઈ છે એ રાજકીય છે પણ તેનો સંકેત સ્પષ્ટ છે. કોંગ્રેસ છોડીને કાશ્મીરમાં ભાજપના મદદગાર બનવા ઈચ્છતા ગુલામ નબી આઝાદ હવે ભાજપના માનીતા રહ્યા નથી ને ભાજપ ફરી જૂના ને જાણીતા અબ્દુલ્લા પરિવાર તરફ ઢળી રહ્યો છે એ આઝાદને પચતું નથી. આઝાદે કલમ ૩૭૦ અંગે વાત કરી છે એ હાસ્યાસ્પદ છે. ભાજપે કલમ ૩૭૦ નાબૂદ કરવા કોઈને પણ પૂછવાની કે સલાહ લેવાની શું જરૂર? કલમ ૩૭૦ની નાબૂદી વરસોથી ભાજપનો મુખ્ય મુદ્દો છે એ જોતાં તેના માટે ભાજપે કોઈને પૂછવાની જરૂર જ નહોતી.

ગુલામ નબી આઝાદે કોંગ્રેસ છોડીને કાશ્મીરમાં પોતાનો પક્ષ સ્થાપ્યો ત્યારે તેમને લાગેલું કે, કાશ્મીર ખીણમાં ભાજપને સાથી પક્ષની જરૂર છે ને કોઈ ભાજપ સાથે બેસવા તૈયાર નથી તેથી ભાજપ પોતાની પાલખી ઉંચકશે. આ કારણે જ કોંગ્રેસમાંથી વિદાય થતાં જ ગુલામ નબી આઝાદના તેવર બદલાઈ ગયેલા. આઝાદ નરેન્દ્ર મોદીને વરસો લગી ગાળો દેતા હતા. ગુજરાતનાં રમખાણો બદલ મુસ્લિમોના હત્યારા ગણાવતા હતા ને બીજું ઘણું કહેતા હતા એ જ આઝાદ નરેન્દ્ર મોદીનાં વખાણ કરતા થઈ ગયા હતા. કોંગ્રેસ છોડ્યા પછી ગુલામ નબીની આત્મકથા 'આઝાદ' પ્રસિદ્ધ થઈ હતી. આ પુસ્તકમાં તેમણે નરેન્દ્ર મોદીનાં ભરપેટ વખાણ કર્યાં હતાં.

કોંગ્રેસ સહિતના વિપક્ષી નેતા નરેન્દ્ર મોદી પર ક્નિાખોરી રાખીને બદલો લેવાની ભાવનાથી કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરતા હોવાનો આક્ષેપ કરે છે ત્યારે આઝાદનો દાવો હતો કે, મોદીએ કદી બદલાની ભાવનાથી કામ કર્યું નથી. મોદી સામે પોતે સતત પ્રહારો કરતા રહ્યા છતાં મોદીએ હંમેશાં પોતાની સાથે સાલસ વર્તન કર્યું હોવાનો દાવો કરીને આઝાદે કહેલું કે, મોદી ખૂબ જ ઉદાર છે અને વિપક્ષના નેતા તરીકે મેં તેમને કોઈપણ મુદ્દે છોડ્યા નથી છતાં મોદીએ ક્યારેય બદલાની ભાવનાથી કામ કર્યું નથી. કલમ ૩૭૦, સીએએ, હિજાબ સહિતના મુદ્દે મેં તેમની પર પ્રહારો કર્યા છતાં મોદી હંમેશા નરમ દિલના રાજકારણીની જેમ વર્ત્યા છે.

આઝાદ મોદી પર ઓળઘોળ થઈ ગયેલા કેમ કે તેમને ભાજપના પડખામાં ભરાવાના ઓરતા હતા પણ ભાજપે તેમને ભાવ નથી આપ્યો. તેનું કારણ એ છે કે, આઝાદ ભરોસાપાત્ર નથી. ગુલામ નબી આઝાદ પચાસ વર્ષથી કોંગ્રેસ સાથે હતા. યુથ કોંગ્રેસના કાર્યકર તરીકે શરૂઆત કરનારા આઝાદ ૧૯૮૪થી છેક ૨૦૨૨ સુધી રાજ્ય સભાના સભ્ય રહ્યા. કેટલીય વાર કેન્દ્રમાં પ્રધાન બન્યા, જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન પણ બન્યા.

આ બધું કોંગ્રેસે જ તેમને આપ્યું ને છતાં તેમણે છેલ્લે એમ કહી દીધેલું કે, અમે કોંગ્રેસને જે આપ્યું તેના બદલામાં કોંગ્રેસે કંઈ ના આપ્યું. આઝાદને છેલ્લે છેલ્લે પણ રાજ્યસભાના સભ્ય બનવું હતું પણ કોંગ્રેસે તેમને રાજ્યસભામાં ના મોકલ્યા તેમાં તો તેમણે પચાસ વરસ લગી જે કંઈ ભોગવ્યું તેના પર પાણી ફેરવી દીધું. પચાસ વરસ લગી કોંગ્રેસે જે આપ્યું તેનો આઝાદે આભાર માનવો જોઈતો હતો. તેના બદલે તેમણે તો સાવ હલકટાઈ બતાવી દીધી. મોદી કે ભાજપના બીજા નેતા આ બધુ સાંભળ્યા પછી આઝાદ પર ભરોસો કરે એ વાતમાં માલ નહોતો ને એવું જ થયું છે. ભાજપને રાજકીય રીતે એ મદદરૂપ થઈ શકે તેમ નથી ને ભરોસાપાત્ર જરાય નથી તેથી ભાજપ પાછો અબ્દુલ્લા પરિવાર તરફ ઢળી રહ્યો છે.

## આંબરડી ગામમાં ફરીવાર સિંહ ઘૂસી ગયો



આંબરડી, (સુભાષ સોલંકી)સાવરકુંડલાના આંબરડી ગામે છેલ્લા એકાદ માસથી એક સિંહણે રેવન્યુ વિસ્તાર નજીક ધામા નાખ્યા છે. આંબરડી ગામની સીમ વિસ્તારમાં સિંહણે ચાર બચ્ચાંને જન્મ આપ્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે અને સિંહના બચ્ચાં હાલ એકાદ માસના થઈ ગયા હોવાનું નજરે જોનારા લોકોએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સતત એક માસ જેટલા સમયથી આ સિંહણે આંબરડી ગામના ચોટલી ધાર નામના રેવન્યુ વિસ્તાર નજીક પોતાનો વસવાટ શરૂ કર્યો છે. ત્યારે સિંહણ દ્વારા સતત ગામમાં આવી ચડી શિકાર કરતી નજરે પડે છે તો ક્યારેક ખુલ્લા ખેતરો માં આંટા ફેરા કરતી હોવાથી ખેડૂતો અને ખેત મજૂરોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. ગઈકાલે મંગળવાર ની રાત્રિએ સિંહણ પ્રથમ આંબરડી ગામના બસ સ્ટેન્ડ માં શિકાર માટે આવી હતી પરંતુ ગાયોમાં ભાગમભાગ મચી જતાં સિંહણ પ્લોટ તરફ ભણી જઈ શેરીઓમાં ચક્કર લગાવતા લોકોએ સિંહણને નિહાળી હતી. મહત્વની બાબત તો એ છે કે સિંહણ આજે કપાસના વાવેતરમાં બેઠી હતી ત્યારે કપાસ વીણતા મજૂરો પણ મજૂરી કામ છોડી ઘર તરફ પલાયન થઈ ગયા હતા. ત્યારે આંબરડી ગામમાં સિંહના અવાર નવાર ગામમાં ઘૂસી આવવાના બનાવથી ગ્રામજનોમાં અને ખેત મજૂરોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

## અમરેલીના પ્રતાપપરામાં પતિ પત્નિ ઉપર હુમલો

અમરેલી,
અમરેલી તાલુકાના પ્રતાપપરા નાગવાડી પાસે સામંતભાઈ ટપુભાઈ પરમાર ઉ.વ. ૮૫ ના દિકરા રાજુભાઈનો દિકરો હરેશ એ મેહુલ નરભેરામભાઈ કાથરોટીયા ના દિકરાનું નામ બોલેલ હોવાના આક્ષેપો કરી પોલિસ કેસ કરેલ. જે અંગેનું મનદુખ રાખી સામંતભાઈને ગાળો બોલી મેહુલે લોખંડનો પાઈપ ડાબા પગે મારમારી ઢીકાપાટું વડે મારમારતા સામંતભાઈના પત્નિ મણીબેનને મેહુલ અને સંજયે ગાળો બોલી લાકડી તથા પાઈપ વડે મારમારી ડાબા તથા જમણા હાથે અને કમરના ભાગે તથા જમણા પગમાં મારમારી મણીબેનને બંને હાથ તેમજ કમરના ભાગે ફેકચર કર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨૨.૨.૨૦૨૪ ગુરુવાર ,સંવંત ૨૦૮૦, મહા સુદ તેરસ, પુષ્ય નક્ષત્ર, સૌભાગ્ય યોગ , ગર કરણ આજે સવારે ૭.૪૬ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે.

### આજરોજ ગુરૂવારને પુષ્ય નક્ષત્ર છે જેથી ગુરુપુષ્યામૃત યોગ બને છે

આજરોજ ગુરૂવારને પુષ્ય નક્ષત્ર છે જેથી ગુરુપુષ્યામૃત યોગ બને છે અને સિદ્ધિ યોગ પણ છે જે સૂર્યોદયથી સાંજે ૪.૪૩ સુધી છે આ સમય શ્રેષ્ઠ સમય છે શુભ વસ્તુની ખરીદી માટે અને હા ખાસ કરી ને આજના દિવસે શિવલિંગ પર કેસર અને સાકારયુક્ત ગાયનું દૂધ ચડાવવામાં આવે તો સુંદર પરિણામ પ્રાપ્ત કરી શકાય છે વળી અમાવાસ્યા કે પૂનમ પર જન્મેલા મિત્રો આ રીતે જ જળ મિશ્રીત ગાયના દૂધમાં કેસર અને સાકાર નાખી સૂર્યને અર્ઘ્ય આપે તો લાભકારી રહે છે વળી આ દિવસે શુભ ગ્રહોની સાધના




શરુ કરી શકાય છે જેનાથી સુંદર પરિણામ પ્રાપ્ત કરી શકાય છે. ૨૪ ફેબ્રુઆરી અને શનિવારે માઘી પૂર્ણિમા આવી રહી છે અ માસમાં મઘા નક્ષત્રનું વિશેષ મહત્વ છે મઘા નક્ષત્ર આપણા પૂર્વજોને દર્શાવતું નક્ષત્ર છે અને સ્વપ્ન સંકેત લેખમાં જણાવ્યા મુજબ હાલના સમયમાં સ્વપ્નમાં પિતૃ સંકેતો પણ પ્રાપ્ત થઈ શકે છે ખાસ કરીને આ માસ માં પૂનમ અને અમાસ ચોક્કસ સંકેત આપનાર દિવસો છે મહા માસ વિશેષ કરી સાધના માટે શ્રેષ્ઠ છે અને શિવ અને શક્તિ આરાધના માટે આ સમય પાવનકારી છે.

મેષ (અ,લ,ઈ) : નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય, શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : તમારા વિચારોને અમલમાં મૂકી શકો .ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.
કર્ક (ડ,હ) : ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.
સિંહ (મ,ટ) : કોઈ બાબતને અહમનો પ્રશ્ન ના બનાવવો, વાદ વિવાદ થી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.
કન્યા (પ ,ઠ ,ણ) : અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય. દિવસ સારો રહે.
તુલા (ર,ત) સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગ ને મધ્યમ રહે , નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન ,ય) : યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.
ધન (ધ,ભ,ફ,ઢ ): જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશ થી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.
મકર (ખ,જ) : સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.
કુંભ (ગ ,સ,શ) :ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે , તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.
મીન (દ,ચ,ઝ,થ): વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

### સીમમાંથી મળી આવેલ લાશ પ્રકરણમાં ખુલેલો ભેદ

# વડિયાના ઇશ્વરીયામાં વિજશોકથી મજુરનું મોત નિપજતા બેદરકારીને છુપાવવા લાશને વોકળામાં નાખી દેવાઇ

### વડીયામાં એલસીબીની ટીમે આરોપીને ઝડપી લઇ તુરંત લાશનાં બનાવનો ભેદ ઉકેલી નાખ્યો



અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)વડિયાના ઈશ્વરીયા ગામની હાઈસ્કુલ પાછળ મળી આવેલ લાશ પ્રકરણમાં પોલિસે ગુનો નોંધી તપાસ હાથ ધરીછે. તા. ૧૮-૨ ના સાંજના ૧૮:૦૦થી તા. ૧૯-૨ ના સવારના ૮:૦૦ દરમ્યાન યોગેશભાઈ માવજીભાઈ સોંદરવા ઉ.વ. ૩૨ ના પિતા મરણ જનાર માવજીભાઈ ઈશ્વરીયા ગામના ભરતભાઈ બાબુભાઈ ગોંડલીયાની વાડી હાલ ભીખુ વલકુભાઈ વાળાએ ફારમે રાખેલ હોય. તે વાડીમાં જો કોઈ વ્યકિત ઈલેક્ટ્રીક કેબલ અડી જાય તો મૃત્યું સંભવ હોવાનું જાણવા છતા. તેની વાડીમાં ખુલ્લો ઈલેક્ટ્રીક મોટરનો ચાલુ વીજપ્રવાહ વાળો કેબલ ખુલ્લો રાખી જે ઈલેક્ટ્રીક કેબલ મરણ જનારને શરીરે અડી જવાથી વીજશોક લાગતા મૃત્યું પામેલ હોય. જેની જાણ ભીખુ વાળાને થતા તેણે કોઈને કહયા વગર મરણ જનારની લાશ તેમના ખેતરની નજીક હાઈસ્કુલની પાછળ આવેલ હોકળામાં નાખી દઈ લાશને સગેવગે કરી પુરાવાનો નાશ કરી ગુનો કર્યા અંગે પોલીસ તપાસનાં અંતે એલબીની ટીમ આરોપી ભીખુભાઈ વલકુભાઈ વાળા, ઉ.વ.૫૭, રહે. ઈશ્વરીયા, તા.વડીયા, જિ.અમરેલીને ઝડપી લઈ લાશનાં બનાવનો ભેદ ઉકેલી નાખ્યો છે. આ કેસમાં યોગેશભાઈ માવજીભાઈ સોંઘરવાએ વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## અમરેલી નજીક માંગવાપાળ ગામની સગીરાનું અપહરણ કરી ભગાડી જવાઈ

અમરેલી, અમરેલી તાલુકાના માંગવાપાળ ગામે સીમમાં એમપીના શ્રમિક પરીવારની સગીરાને હાલ જામનગર મુળ એમપીના રોહિત બાબુભાઈ અજનાર લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી બદઈરાદે વાલીપણામાંથી ભગાડી અપહરણ કરી ગયાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં સગીરાના પિતાએ ફરિયાદ નોંધાવી છે.

### ઈજ્જત નહી લેવા દે તો હું તને અને તારા દિકરાને મારી નાખીશ તેવી ધમકી આપી

## જુના વાઘણીયામાં ૬૫ વર્ષનાં વૃધ્ધા ઉપર બળાત્કાર

### વૃધ્ધાના મકાનમાં ગેરકોયદેસર પ્રવેશ કરી ધમકી આપી બળાત્કાર ગુજાર્યાની ફરિયાદ : નરાધમ ઉપર ફીટકાર

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામે રહેતા સુભાષ ઉર્ફે સુગા ભરવાડ દ્વારા મુળુ હમીર ડવને એવી માહિતિ આપેલ કે ભોગ બનનાર વૃધ્ધા ઘરે એકલી છે. જેથી બંને આરોપીઓ વૃધ્ધાના રહેણાંક મકાનમાં ગેરકયાદેસર પ્રવેશ કરી ભોગ બનનારે ઈજ્જત નહી લેવા દે તો હું તને અને તારા દિકરાને મારી નાખીશ તેવી ધમકી આપી મુળુ હમીર ડવે બળાત્કાર ગુજારી આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો કર્યાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલીના ચકકરગઢ રોડ પરની સીમમાં આવેલ ઝુપડામાંથી ચાર મોબાઈલ અને બાઈક ચોરાયા

### કોઈ શખ્સે ઝુપડામાંથી ચાર મોબાઈલ અને બાઈક મળી રૂપિયા ૨૦ હજાર ઉપરાંતનો મુદામાલ ચોરી ગયાની ફરિયાદ નોંધાઇ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
અમરેલી તાલુકાના ચકકરગઢ રોડ કાનાણીની વાડી પાસે પાણાખાણની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં ઝુપડામાં સુતા હતા તે દરમ્યાન તા. ૫-૨ ના મોડી રાત્રિથી તા. ૬-૨ ના વહેલી સવાર દરમ્યાન કોઈ અજાણ્યા શખ્સે ઝુંપડામાં પ્રવેશી વીવો કંપનીનો જના જેવો મોબાઈલ રૂ/.૪૦૦૦, ભગવાનભાઈ દિનેશભાઈ ભાભોરનો રેડમી કંપનીનો જુના જેવો મોબાઈલ રૂ/.૩૦૦૦, દિલિપભાઈ દિનેશભાઈ ભાભોરનો રીયલમી કંપનીનો જુના જેવો મોબાઈલ રૂ/.૨૫૦૦, કમલભાઈ ધારીયાભાઈ કલારાનો ટેકનો કંપનીનો જુના જેવો મોબાઈલ રૂ/.૨૮૦૦, દિનેશભાઈ નંદુભાઈ ભાભોરનું હોન્ડા સ્પ્લેન્ડર જુના જેવું જી.જે. ૧૩ડી. ૫૫૩૩ રૂ/.૮૦૦૦ મળી કુલ રૂ/.૨૦,૩૦૦ ના મુદ્દામાલની ચોરી કરી ગયાની ગુલાબભાઈ ધારીયાભાઈ કલારાએ અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## કુંકાવાવના દેવળકીની સીમમાં જમીન પચાવી પાડયાની ફરિયાદ

### વડિયા પોલીસ મથકમાં દેવળકીના શખ્સ સામે ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
કુંકાવાવ તાલુકાના દેવળકી સીમમાં જેતપુર તાલુકાના કેરાળી પ્લોટ વિસ્તારમાં રહેતા ગીરધરભાઈ ગોરધનભાઈ વસોયાની માલિકીની જમીન તા. ૪-૬-૨૨ ના લેખિત કરાર આધારે દેવળકીના ચંદુ કડવાભાઈ ડોબરીયાને એક વર્ષ સુધી ભાગવી વાવવા રાખેલ જે કરાર સમય પુર્ણ થતા જમીનનો કબ્જો પરત નહી સોંપી જમની પચાવી પાડી આર્થિક લાભ મેળવી ગુનો કર્યાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રાજુલાના વાવેરાની સીમમાં બાઈક ચોરાયું

અમરેલી, રાજુલા તાલુકાના વાવેરા ગામે વેલજીભાઈ વીરજીભાઈ સોલંકીની થોરડી રોડ પર આવેલ વાડી પાસે હોન્ડા સ્પ્લેન્ડર જી.જે. ૧૪ એ.એચ. ૭૦૫૭ રૂ/.૨૨,૦૦૦ની કિંમતનું તા. ૧૯-૨ ના બપોરના કોઈ ચોરી ગયાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ચિતલમાં જુગાર રમતા ચાર ઝડપાયા

### પોલીસે રૂા. દોઢ હજારનો મુદામાલ કબ્જે લીધો

અમરેલી, અમરેલી તાલુકાના ચિતલ ગામે મોણપુર રોડ પર આવેલ સ્મશાન પાસે બાવળ નીચે જાહેરમાં જુગાર રમતા ધીરૂ માધાભાઈ ખાટરીયા, પ્રતાપ ધીરૂભાઈ ખાટરીયા, જોરૂ દોલુભાઈ મંદુરીયા , દદુ કાળુભાઈ મંદુરીયાને પો.કોન્સ. વર્જાનભાઈ મુળીયાસીયાએ રોકડ રૂ/.૧૫૨૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

### પતિએ લગ્નમાં જવાની ના પાડતા

## સાવરકુંડલામાં પરણીતાનું ઝેરી દવા પી જતા મોત

### ઝેરી દવા પી જતાં પરિણીતાનું સારવાર દરમિયાન મોત

અમરેલી, સાવરકુંડલામાં રહેતી અસ્મિતાબેન ભુપતભાઈ મોલાડીયા ઉ.વ. ૩૪ ના ભાઈના દિકરા દિકરીના લગ્ન હોય. જેથી પતિને લગ્નમાં જવાનું કહેતા પતિએ કહેલ કે તારો ભાઈ મને પાંચ વર્ષથી બોલાવતો ન હોવાથી હું લગ્નમાં નહી આવું. તારે જવુ હોય તો જા તું એકલી જા. જેથી અસ્મિતાબેનને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા દવાખાને ખસેડાતા સારવાર દરમ્યાન મૃત્યું પામ્યાનું પતિ ભુપતભાઈ ભીમજીભાઈ મોલાડીયાએ સાવરકુંડલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## સાવરકુંડલા નજીક જુના સાવર ગામની સગીરાનું અપહરણ કરી ભગાડી જવાઈ

### સાવરકુંડલાનો શખ્સ લલચાવી ફોસલાવી ભગાડી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
સાવરકુંડલાના જુના સાવર ગામે સગીરાને સાવરકુંડલા મણીનગરમાં રહેતા રાહુલ ઉર્ફે કાનો મનસુખભાઈ મકવાણા લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી ગયાની સગીરાની માતાએ સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## બગસરાના ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સાદી કેદની સજા



અમરેલી, બગસરાનાં ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે આ કેસની હકીકત એવા પ્રકારની છે કે ફરિયાદી જયદીપભાઈ અશ્વિનભાઈ દાણીજારીયા રહે. જુના જાંજરીયા વાળા પાસેથી હાથ ઉછીના મિત્રતાને નાતે વ્યવસાય ઉપયોગમાં રૂા.૧ લાખ ૫૦ હજાર તા.૧-૧૨-૧૮ ના રોજ આપેલા ત્યારબાદ આરોપીએ તા.૮-૪-૧૯ ના રોજ ચેક આપતા તે ચેક રિટર્ન થતા કેસ બગસરા કોર્ટમાં ચાલી જતા બગસરા કોર્ટે આરોપી પાર્થભાઈ ઘનશ્યામભાઈ પંડયા રહે. જસદણ જી. રાજકોટ વાળાને ચેકની રકમના દંડ સાથે એક વર્ષની સાદી કેદની સજા રૂા. દોઢ લાખનો દંડ ન ભરે તો આરોપીને અલગથી બે માસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરેલ છે. ફરિયાદી તરફે એડવોકેટ દિનેશકુમાર ખીમસુરીયા રોકાયા હતા.

## મોટા રીંગણીયાળાના આહીર સમાજના ખેડૂત અગ્રણી શ્રી નરસિંહભાઈ લાડુમોરનું નિધન

### આહિર સમાજ અને લાડુમોર પરિવારમાં ઘેરો શોક



રાજુલા, રાજુલા તાલુકાના મોટા રીંગણીયાના ખેડૂત અગ્રણી અવા નરસિંહભાઈ રણછોડભાઈ લાડુમોર વર્ષ ૭૫ આજરોજ દુઃખદ અવસાન થતા સમગ્ર આહીર સમાજમાં શોક ની લાગણી ઉદ્ભવી હતી સ્વ નરસિંહભાઈ લાડુમોર તેમના સરળ સ્વભાવના કારણે સમાજમાં પણ ખૂબ જ મોભાદાર હતા સમાજમાં કે ગામમાં કે આજુબાજુના ગામડામાં નાના મોટા પ્રશ્નો હોય તોય સમાધાન કરી વર્ણન હોય છે તેમના પુત્ર વલ્લભભાઈ તથા મોહનભાઈ લાડુમોર રાજુલા ખાતે કોટન ઉદ્યોગ હોવાથી તેમનો મિત્ર સર્કલ પણ ખૂબ જ છે.

અંતિમ સંસ્કાર સવારે ૯:૦૦ કલાક આજે બુધવારે તેમના નિવાસ્થાને રીંગણયાળા રાખેલ છે બંને પુત્રો રાજુલામાં મીની કોટન તથા ફૂડ ઉદ્યોગ ચલાવતા હોવાથી આ વિસ્તારના ખૂબ જ સંબંધો સારા હોવાથી ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી માર્કેટિંગ યાર્ડના પ્રમુખશ્રી જીગ્નેશ ભાઈ પટેલ તથા શ્રી પીઠાભાઈ નકુમ તથા ગણપતભાઈ તથા કરસનભાઈ ખાખબાઈ વેપારીઓમા શોકની લાગણી ઉદભવી હતી.

## સાવરકુંડલામાં સોલાર ઉર્જા પ્લાન્ટનું આજે લોકાર્પણ

